**ફો. કે. નં. 12888/2025**

| **અમદાવાદના મહે. નવમાં એડી. ચીફ જયુડી. મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, મુ. નવરંગપુરા કોર્ટ, જિ. અમદાવાદ ગ્રામ્ય)** |
|---|

આંક–

ફરીયાદીઃ– શ્રી સરકાર

વિ.

આરોપીઃ– માધવ મનોજભાઇ દંતાણી

ગુનોઃ– મોટર વ્હીકલ એકટની કલમ–૧૮૫ મુજબ.

–:ઠરાવ:–

(૧) આજ રોજ નામદાર નેશનલ લીગલ સર્વીસ ઓથોરીટીના ઉપક્રમે નેશનલ લોક અદાલત યોજવામાં આવેલ છે તે મુજબ સદર કેસ આજ રોજ સ્પેશ્યલ સીટીંગમાં રાખવામાં આવેલ છે.

(૨) આરોપીને પ્રેસેસ ઇસ્યુ કરતા તેઓ કોર્ટ રૂબરૂ વકીલશ્રી સાથે હાજર થયેલ છે અને પોલીસ પેપર્સની નકલો વિના મુલ્યે આપ્યાની ખાતરી કરી આરોપી વિરૂધ્ધ ચાર્જફ્રેમ કરી તથા પ્લી રેકર્ડ કરતા આરોપીએ સ્વેચ્છાએ ગુનો કબુલ કરવા માંગતા હોવાની હકીકત જણાવેલ છે.

(૩) આરોપીએ ગુના કબુલાત પુરસીસ આપેલ છે અને અરજ કરેલ છે કે, "મારો આ પ્રથમ ગુન્હો કરેલ છે અને અમો સામાન્ય અને ગરીબ વર્ગના છીએ. અમારે કોઇ સ્થિર ધંધો નથી. અમો છુટક મજુરી કરી અમારૂં ગુજરાન ચલાવીએ છીએ. અમોને મજુરી કામ દરરોજ મળતું નથી. અમો અમારા કુટુંબમાં એક જ કમાનાર સભ્ય છીએ અમારા બાળ–બચ્ચા તથા અમારા કુટુંબના ભરણપોષણની જવાબદારી અમારા ઉપર રહેલી છે. અમો ભવિષ્યમાં આવો કોઇ ગુનો કરીશું નહીં તેવી ખાત્રી આપીએ છીએ. જેથી અમારી સામાજીક તથા આર્થિક પરિસ્થિતીને ધ્યાનમાં રાખી અમારા ઉપર રહેમ રાહ રાખવા અરજ ગુજારેલ છે."

(૪) ફરીયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આરોપી વગર પાસપરમીટના નશો કરી જાહેર સ્થળ ઉપર વાહન ચલાવતા પકડાયેલ છે જેથી આરોપી વિરૂધ્ધ મોટર વ્હીકલ એકટની કલમ–૧૮૫ મુજબના ગુનાનું તહોમત મુકવામાં આવેલ છે.

(૫) આરોપી વિરૂધ્ધનો ગુનો આક્ષેપ જોતાં તથા આરોપી ધ્વારા કરેલ ગુના કબુલાત ધ્યાને લેતાં તેમજ આરોપી આર્થિક તથા સામાજીક રીતે ગરીબ વર્ગના જણાય આવે છે. તેમજ ભવિષ્યમાં બીજો કોઇ ગુનો નહીં કરવાની ખાત્રી આપે છે.આરોપીએ જાહેર કરેલો પસ્તાવો તથા આરોપીની વર્તણુંક તથા સામાજીક જવાબદારી ધ્યાને લેતાં તથા કેસનું રેકર્ડ વંચાણે લેતાં આ કામના આરોપીનો પ્રથમ ગુનો હોવાનું જણાય આવે છે. જેથી મારૂં નમ્રપણે માનવું છે કે, આરોપી ઉપર રહેમ રાહ રાખીને ઓછી સજા અને દંડ કરવામાં આવે તો આરોપી સમાજમાં ફરી વખત માનભેર જીવન શરૂ કરી અને સમાજ તથા દેશને ઉપયોગી થઇ શકે તેમ છે તે સંજોગોમાં ઓછી સજા તથા દંડ કરવો તે ન્યાયી અને ઉચીત માનું છું.

(૬) નામ. માંનવત ગુજરાત હાઈકોર્ટ ધ્વારા The word "special" has to be understood in contradiction to word "general" or "ordinary". It becomes apparent and unquestionable from the language employed in the proviso that the reasons to be recorded in writing in judgment for less than the minimum sentence, on the ground of presence of special and adequate reasons in the light of sentencing process must be special and adequate to the circumstances in a given case and peculiar to the accused in each case. It is, therefore, very clear that the discretionary jurisdiction empowered in the trial Magistrates must be based on and in presence of special and adequate reasons to the contrary to be mentioned in the judgment of the Court for each case and each accused. (Para 42; See also Paras 35, 43 and 44) જે પસ્થાપિત સિંધ્ધાતને હાલના કેસની હકીકત સાથે લક્ષમાં લેવામાં આવે તો, જો પુરતા અને વ્યાજબી કારણો હોય તો દરેક કેસની હકીકતને ધ્યાનમાં લઈ નીચેની અદાલતને કાયદામાં કરેલ લધુતમ સજાની જોગવાઈ હોવા છતાં પણ ઓછામાં ઓછી સજા અને દંડ કરવાની સત્તા છે. ઉપરોકત ચુકાદો આરોપીના કેસને તથા સંજોગોને અનુરૂપ થતો હોય તેમ જણાય આવે છે.

(૭) સદર કેસનું રેકર્ડ઼ તથા ફરીયાદ પેપર્સ ધ્યાને લેતાં તેમજ આરોપીની આર્થિક સ્થિતી તથા સદર ગુના અંગે દયાની માંગણી જોતાં, આરોપીને સજા કરતી વખતે ઉદાર વલણ રાખી સુધારવાની તક આપવાથી ન્યાયનો હેતુ જળવાય તેમ જણાતું હોય નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**—:આ ખ રી હુ ક મ :—**

આ કામના આરોપીને ક્રિમીનલ પ્રોસીઝર કોડ, ૧૯૭૩ ની ક. ૨૫૨/બી.એન.એસ.એસ.ની કલમ—૧૭૫ મુજબ ઉપરોકત ગુનામાં તકસીરવાન ઠરાવી, આરોપીને એમ.વી. એકટની કલમ—૧૮૫ ના ગુનામાં **રૂ.૧,૦૦૦/—(અંકે રૂપિયા એક બજાર પુરા)**નો દંડ કરવામાં આવે છે અને કોર્ટ ઉઠતા સુધીની સજાનો હુકમ કરવામાં આવે છે. જો આરોપી દંડની રકમ ન ભરે તો આરોપીઓએ દિન—૧૦ ની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

મુદ્દામાલ અંગે વચગાળાનો હુકમ કરવામાં આવેલ હોય તો તે કાયમ રાખવામાં આવે છે અથવા મુદ્દામાલ અંગે જો અન્ય કોઈ હુકમ વચગાળાના તબક્કે થયેલ ન હોય તો સદર હુકમની નકલ તથા માલીકીનો આધાર રજુ કર્યેથી પોલીસ સ્ટેશનથી મુક્ત કરવાનો હુકમ કરવામાં આવે છે. તે સિવાયનો મુદ્દામાલ અપીલ સમય બાદ સરકાર ખાલસા કરવા/ નાશકરવોનો હુકમ કરવામાં આવે છે.

સદર હુકમ આજરોજ તા.૧૩/૧૨/૨૦૨૫ ના રોજ સ્પે. સિટીંગમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા.૧૩—૧૨—૨૦૨૫
નવરંગપુરા કોર્ટ—સ્પે. સીટીંગ

(ચિરાગ વામનરાય ભટ્ટ)
૯માં એડી.ચીફ જયુડી. મેજી., અમદાવાદ (ગ્રામ્ય)
યુનીક કોડ નં. જી.જે. ૦૧૩૯૫